# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3080-8 તારીખ : 1/5/19

રજી. એડી. પત્ર

પ્રતિ,
બંસીધર પ્રોડક્સ
શોભેશ્વર રોડ પીકનીક સેન્ટર ની સામે મોરબી ૩૬૩૬૪૨ ,
મું. પો. : મોરબી, તા. : મોરબી, જી. : મોરબી,
મોબાઈલ :

વિષય : એલટી વીજ કનેક્શન માં ૧૦% ડ્યુટી બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૪૭/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રીના દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

6A

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨ ૨૦૧૧ ની વિનિયમ નં - ૨ પર અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી શહેર-૨.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/ક્વા-૪/૨૦૧૮-૧૯/** ૩૦૪૦-૪ તા. 1-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૭/ક્વા-૪/૨૦૧૮-૧૯

અરજદાર: **બંસીધર પ્રોડક્સ ગામ: મોરબી**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: **કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ – મોરબી**

## :: કોરમ ::

(૧) કા.વા. ચેરપર્સન– શ્રી જે.બી.પારેખ
(૨) મેમ્બર સ્વતંત્ર– કોકિલાબેન જે. મોટાણી

સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી – મોરબી

તારીખ: ૩૦–૦૪–૨૦૧૯

૧.૦ સદર કેઈસ ની સુનાવણી તા.૩૦–૦૪–૨૦૧૯ ના રોજ રાખવામા આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર બંસીધર પ્રોડક્સ, મોરબી. તેઓની અરજી ના નોંધણી નંબર :૪૭/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓ બંસીધર પ્રોડકટ ના નામનુ ૮૪૩૦૧/૭૧૧૨૬/૦ થી ૯૩ કીવો એલ.ટી.એમ.ડી કેટેગરી નુ વીજજોડાણ ધરાવે છે. જેમા શરૂઆતથી જ પ્રોડકશન કરતા હોવા છતા – પીજીવીસીએલ તરફથી ૧૫% વીજકર વસુલેલ છે. ત્યારબાદ – માહે મે–૨૦૧૩ થી વીજકર ૨૫% વસુલેલ છે. સદર બાબત ધ્યાનમાં આવતા તા.૦૬–૧૨–૧૮ ના રોજ – પીજીવીસીએલ ની મોરબી શહેર પેટા વિભાગીય કચેરી નં– ૨ ને ૧૦% વીજકર નિયમાધીન રીતે કરવા જાણકારી આપેલ. સદર બાબતે માહે નવેમ્બર –૨૦૧૮ થી વીજબીલ મા ૧૦% વીજકર તેઓના બીલ મા મેન્યુઅલી સુધારેલ – પરંતુ સીસ્ટમ મા સુધારો ન થતા – માહે ડિસેમ્બર–૨૦૧૮ થી ૨૫% મુજબ વીજકર વસુલેલ છે. સદર બાબતે લેખીત પત્ર દ્વારા સામેવાળા દ્વારા જણાવેલ કે – ઈલેકટ્રીક ડયુટી ડિપાર્ટમેન્ટ નુ સર્ટી રજુ કરવુ. હકીકત માં આવા કોઈ સર્ટી ની જરૂરીયાત હોતી નથી. ઈલેકટ્રીક ડયુટી કમીશનર તરફથી – નોટીફિકેશન મુજબ – કોઈપણ મેન્યુફેકચર્સ ઈન્ડસ્ટ્રીઝ હોય – તે એલ.ટી. હોય તો ૧૦% વીજકર અને એચ.ટી. હોય તો ૧૫% વીજકર લાગે – જેથી, અરજદારે ખોટી વસુલેલ વીજકર ની રકમ વ્યાજ સાથે પરત કરવા – તેમજ હેરાનગતી અને નાણાકીય નુકશાન પેટે રૂ.૧,૦૦,૦૦૦/– વળતર અપાવવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફતી જણાવાયેલ કે, શ્રી બંસીધર પ્રોડક્ટ્સ ના નામથી ગામ: મોરબી ,ગ્રાહક નંબર-૮૪૩૦૧/૭૧૧૨૬/0 થી ૯૩ કે.ડબલ્યુ નુ એલ.ટી.એમ.ડી. કનેક્શન ધરાવે છે, અને આ કનેક્શન તારીખ:૧૧.૦૧.૨૦૧૦ ડેઈટ ઓફ કનેક્શન છે. ગ્રાહક શ્રી બંસીધર પ્રોડક્ટ્સ નાં પત્ર તા. ૦૬-૦૩-૧૯ મુજબ, કોમર્શિયલ વપરાશ કરવા નો થતો હોય, હાલ તેઓને ૨૫% ઈ.ડી. લાગે છે જે અંગે અરજદારને કોઈ ફરિયાદ રહેતી નથી.

3.૧ આમ, અરજદારની ફરિયાદ નું નિરાકરણ થતા વિભાગીય કચેરી ના પત્ર નં -૨૦૬૭ તા.૧૧-૦૩-૨૦૧૯ થી અરજદારને કોઈ ફરિયાદ ન રહેતી હોય તે બાબતેની લેખીત પત્ર થી જાણકારી આપેલ છે.

# :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની મુદદા નં. ૨.૦ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૩.૦ અને ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી.

૪.૨ અરજદાર ની ફરીયાદને આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |